"હવે મુરતિયાઓના નામ પાડો એટલે ખબર પડે..!!"

"કેમ શું ખબર પાડવી છે તમારે..?!"

"કોણ કોની સામે લડશે એ ખબર પડે..?! અને કોણ કેટલું પાણીદાર છે એ મપાઈ જાય..!!"

"બહુ અધિરાઈ છે તમને..!! બધુ સમયે-સમયે જ શોભે... લગનના ઢોલ લગને જ વાગે..!"

"હં...હં.. એટલે તમારે ત્યાં ડખા બહુ લાગે છે..! એટલે નામ જાહેર નથી કરતા..!!"

"એ તો તમારે ત્યાંય ડખા છે..! જ્યાં જ્યાં રાજકારણ હોય ત્યાં ત્યાં ડખા હોય હોય ને હોય જ..!! મહત્વાકાંક્ષા હોય એટલે તો રાજકારણમાં હોય, એટલે સ્પર્ધા તો રહેવાની..! પણ તમારા જેવી તો નહીં જ..!! તમારા ત્યાં તો પક્ષનો જ ઉમેદવાર હોય તોય હરાવી દેવામાં તમારા ત્યાં ક્યાં શરમ જેવું છે..?! અત્યારથી જ ચાલે છે ને..?!"

"તે તમે એવું માનો છો કે તમારા ત્યાં નથી..?! કાગડા તો બધે કાળા જ હોય..!! અને ભરતી તો તમે અમારામાંથી કરી ને..?! હજી બાકી રહી જતું તુ તે કાલે રાજકોટમાં કરી..!! અમને તો દયા આવે છે દયા..!! કે વિશ્વની સૌથી મોટી પાર્ટી અમારા કાર્યકરોને 'ડીલ' કરીને લઈ જાય છે..!!"

"એટલે તમને ચિંતા થાય છે કે તમારી પાર્ટી તુટી રહી છે એની..?! તમારા કાર્યકરોને તમે સાચવી ના શકો અને પછી અમને ભાંડો છો..?! અમારી સરકારોના વિકાસ કામોથી તમારા કાર્યકરો અંજાઈ જાય છે..!! એટલે અમારી સાથે જોડાય છે..!! 'ડીલ' નહીં 'દિલ'થી જોડાય છે..!!"

"જવાદોને સાહેબ..! આ 'દિલ' અને 'ડિલ' કોણ શું કરે છે..? કેવું કરે છે..? કોના માટે કરે છે ? અને કેવી રીતે કરે છે..? એ બધું પ્રજા સારી પેઠે જાણે છે..! એટલે ખુલાસા કરીને ભોઠા પાડવાનું છોડો..!!"

"જવા દો આ બધી વાતો..!! પણ તમે નામ ક્યારે જાહેર કરવાના છો..?! એ તો કહો.."

"બસ તમે કરો એટલે ફટાફટ..!! અમારે તો બધુ તૈયાર જ છે..!!"

"રહેવા દો..! ત્રણ સાંધોને તેર તુટે છે એ અમને ખબર છે..!! અને જે દિવસે તમે નામ જાહેર કરશો એ દિવસે ભડકો જ છે..!!"

"તમે ભડકા-બડકાની આશા રાખીને બેઠા હો તો ખોટા પડશો..!! હવે પહેલાં જેવું છે જ નહિં..! અમારો પક્ષ એક છે ને નેક છે..!! તમારા ત્યાં તાયફા બહાર આવવા માંડ્યા..! સાંભળ્યું નહિ વડોદરામાં..?! કોર્પોરેટર અને મંત્રી સામસામા નિવેદનો કરે છે..!! તમારા દસક્રોઈમાં જુઓ, દહેગામમાં જુઓ..! સુરતમાં શું હાલ છે..?! ભાવનગરમાં ભાંજગડ છે..! કેટકેટલુ ગણાવું..?!"

"કાંઈ ગણાવવું નથી..! તમે તમારે તમારૂ ઘર સંભાળો..!! અમારે ત્યાં તો ભાંજગડ છે પણ તમારે ત્યાં તો કમઠાણ છે..!! હોઠે આયેલો પ્યાલો ઢોળાઈ ના જાય..!!"

"ચિંતા ના કરો સાહેબ..! આ વખતે પુનરાવર્તન નથી થવાનું..!

● અનુસંધાન પાન-૫ પર

વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે ૧૯૨ નિરીક્ષકો

પંચે તેના નીરીક્ષકોની સંખ્યામાં ઘટાડો કર્યો : કચ્છ એક માત્ર અપવાદ જિલ્લો; કાયદો વ્યવસ્થા માટે માત્ર ૨૬ નીરીક્ષક

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં કેન્દ્રીય ચૂંટણી પંચે તેના નીરીક્ષકોની સંખ્યામાં ઘટાડો કરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.

આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી.બી. સ્વૈને પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે પંચે ૧૮૨ બેઠકો માટે ૧૦૦ સામાન્ય નીરક્ષકો, ૬૬ ખર્ચ નિયંત્રણ માટેના નીરીક્ષકો તેમજ ૨૬ કાયદો અને વ્યવસ્થા માટેના નીરીક્ષકોની નિયુક્તી કરવાનો નિર્ણય કર્યો છે.

નીરીક્ષકો ઉમેદવારીપત્ર ચકાસણીની તારીખ સુધીમાં ગુજરાત આવી પહોંચશે. તેમણે જણાવ્યું હતું કે કચ્છ એ વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો હોવાથી ખર્ચ અને સામાન્ય નીરીક્ષક દરેક બેઠક માટે મુકવામાં આવશે. ગુજરાતમાં સામાન્ય નીરીક્ષકો તરીકે સનદી સેવાના અધિકારીઓ આવશે તો ખર્ચ નિયંત્રણ નીરીક્ષક તરીકે આઈઆરએસ કે ઈન્કમટેના અધિકારી રહેશે. જ્યારે કાયદો અને વ્યવસ્થા માટે આઈ.પી.એસ. કેડરના અધિકારી રહેશે.

તેમણે જણાવ્યુ હતુ કે રાજ્ય સરકારે નીરીક્ષકોની સંખ્યા ઘટાડવા માટે કોઈ રજુઆત કરી નથી. પંચ દ્વારા અમને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા.

રાજયમાં ૧૮૨ વિધાનસભાની બેઠકો છે અને ૧૯૨ નિરીક્ષકો નીમવામાં આવ્યા છે. આ પછી પણ જરૂર પડ્યે વધુ નીરીક્ષકો પંચ નીમી શકે છે તે તેના અધિકાર ક્ષેત્રની વાત છે. સ્વૈને જણાવ્યુ હતુ કે સામાન્ય નીરીક્ષકને ફાળે બે થી ત્રણ બેઠક પણ આવી શકે છે. તો ખર્ચ નીરીક્ષક માટે પણ આવુ જ થશે.

પારૂલ પરમારને ડીસ્ટ્રીક્ટ આઈકોન બનાવતુ ચૂંટણી પંચ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ચૂંટણી પંચે તેના આઈકોન તરીકે જાણીતા ખેલાડી પારૂલ પરમારની નિયુક્તી કરી છે.

મતદાર જાગૃતિ અભિયાનમાં આ આઈકોન જોડાશે અને મતદારોને મતદાન માટે અપીલ કરશે. પારૂલ પરમાર અર્જુન એવોર્ડ વિજેતા ખેલાડી છે તેમજ પેરા ઓલમ્પીક વીનર છે અને ગાંધીનગર શહેરના રહીશ છે.

પંચે તેના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે અંકિતા રૈના અને ચેતેશ્વર પુજારાની નિમણુંક કરી છે. દરેક જિલ્લામાં આવા પ્રતિભાવંત ખેલાડીઓને ડીસ્ટ્રીક્ટ આઈકોન તરીકે પસંદ કરાયા છે.

ગુડાના આવાસોમાં સીસીટીવી કેમેરા લગાવવા માટે સર્વે

ટુંકમાં ટેન્ડર પ્રક્રીયાના અંતે સી સી ટી વી કેમેરાનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં એલ આઈ જી તેમજ એમ આઈ જી આવાસ યોજના તૈયાર કરાયા બાદ હાલમાં આ મકાનોમાં નાગરિકોનો વસવાટ પણ જોવા મળી રહયો છે. જયારે આવાસ યોજનાને અનુલક્ષી રહીશોની સલામતીને ધ્યાને લઈ ગુડા દ્વારા સી સી ટી વી કેમેરા લગાવાનો નિર્ણય લેવાયો છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા સર્વેની કામગીરી પુર્ણ કરી દેવાઈ છે. ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી આવાસોને સી સી ટી વી કેમેરાથી સજ્જ કરી દેવાશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે ગુડા વિસ્તારમાં ઓછી તેમજ મધ્યમ આવક ધરાવતા પરિવારજનો માટે નવા આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં ગુડા દ્વારા ૧૧૪૦ જેટલા આવાસો બાંધવામાં આવ્યા હતા. જયારે હાલ પણ કુડાસણ સહીતના વિસ્તારમાં નવા

આવાસોના નિર્માણનુ કામ ચાલી રહયુ છે. ગુડા દ્વારા રાયસણ , ચિલોડા અને અડાલજ સહીતના વિસ્તારોમાં આવાસ યોજના તૈયાર કરાયા બાદ હાલ આ મકાનોમાં લાભાર્થીઓનો વસવાટ જોવા મળી રહયો છે. ગુડા દ્વારા તૈયાર કરાયેલા આવાસ યોજનામાં લીફ્ટ , બગીચા સહીતની તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. જયારે કેટલાક ઠેકાણે ગંદકી તેમજ ચોરીના કિસ્સાઓ પ્રકાશમાં આવતા ગુડા દ્વારા આવાસ યોજનાને સી સી ટી વી કેમેરાથી સજ્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને અનુલક્ષી ગુડા દ્વારા રૂ ૫૫ લાખના ખર્ચે સી સી ટી વી કેમેરા લગાવાનો નિર્ણય લેવાયો છે. ગુડાની આવાસ યોજનામાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવા માટે સર્વે તેમજ અભ્યાસ પુર્ણ કરી દેવાયો છે. જેને ધ્યાને લઈ હવે કેમેરા લગાવવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે આગામી દિવસોમાં સી સી ટી વી કેમેરા લગાવાનુ કામ હાથ ધરાશે. જયારે નવી આવાસ યોજનામાં પણ સી સી ટી વી કેમેરાની વોચ રહેશે .

જિલ્લામાં ૩ કરોડ ૮૧ લાખની કિંમતની મગફળીની ટેકાના ભાવે ખરીદી થઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં રૂ. ૩ કરોડ ૮૧ લાખથી વધુ કિંમતની મગફળીની ખરીદી ટેકાના ભાવથી ખરીદવામાં આવી છે.

જિલ્લાના માણસા અને દહેગામ ખાતેના ખરીદ કેન્દ્રો પર આજ સુધીમાં ૮૪૭૭ ક્વીન્ટલ મગફળીની ખરીદી કરવામાં આવી છે. જેમાં દહેગામના ખરીદકેન્દ્ર પર ૬૯૮૭ ક્વીન્ટલ અને માણસાના ખરીદી કેન્દ્ર પર ૧૪૮૯ ક્વીન્ટલની ખરીદી કરવામાં આવી છે.

આ ખરીદ કેન્દ્રોને કારણે ૪૯૦ ખેડૂતો દ્વારા મગફળી વેચવામાં આવી છે જેમાં દહેગામમાં ૩૯૪ ખેડૂતો અને માણસામાં ૯૬ ખેડૂતોનો સમાવેશ થાય છે.

જિલ્લામાં ચાર હજાર હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું હતું. ગત વર્ષે પણ મગફળીનું વિક્રમી ઉત્પાદન થયુ હતુ એટલુ જ નહિ રાજ્યમાં મગફળી ઉત્પાદનમાં ૧ થી પમાં જિલ્લાનું સ્થાન રહ્યુ હતુ. આ વર્ષે પણ મગફળીનો પાક સારો વરસાદ થતાં વધુ એક વખત વિક્રમી ઉત્પાદન નોંધાયુ છે.

જિલ્લામાં લાભ પાંચમથી ટેકાના ભાવની ખરીદી શરૂ કરવામાં આવી છે જે ઉલ્લેખનીય છે.

આજથી શહેરમાં કોંગ્રેસની પદયાત્રા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગર શહેરના તમામ વોર્ડમાં લોકસંપર્ક અભિયાન નવમી નવેમ્બરથી હાથ ધરાશે.

શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહે આજે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે નવમીએ સવારે ૮.૩૦ કલાકે પંચદેવ મંદિરે દર્શન કરી મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩માં સમાવિષ્ટ વિસ્તારથી આ યાત્રાનો પ્રારંભ કરાશે.

આ પદયાત્રા દરમ્યાન રાજ્યમાં છેલ્લા ૨૨ વર્ષથી એક જ પક્ષના શાસન સામે લોકોના પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ થયુ નથી અને પ્રજાને ખોટા વાયદા આપી માત્ર ચૂંટણી સમયે જ મોટી જાહેરાતો શાસક પક્ષ દરેક વાયદામાં ખોટા પૂરવાર થયા છે. નોટબંધી તેમજ જીએસટી દ્વારા સામાન્ય પ્રજાને પારાવાર મુશ્કેલી ઉભી થઈ છે તેની સામે લોકમત આ પદયાત્રામાં ઉભો કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ છે કે આ પદયાત્રા દરમ્યાન પક્ષ દ્વારા મતદારોના મંથન માટેની પત્રિકાનું પણ વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત સવારે રોજ ચાર કલાક સુધી આ પદયાત્રા વોર્ડમાં ફરશે. દરરોજ અલગ અલગ વોર્ડમાં ફરશે.

આજથી સામ પિત્રોડા ગુજરાતના પ્રવાસે આવશે

અમદાવાદ સહિતના શહેરોમાં ચૂંટણી પ્રવાસ કરશે : પ્રજાજનોની સાથે સીધો સંવાદ કરી તમારી ઇચ્છા, અમારો સંકલ્પના સૂત્ર સાથે તેમના અભિપ્રાયો, સૂચનો પણ જાણશે

અમદાવાદ,તા.૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસે આ વખતે તેની પૂરી તાકાત લગાવી દીધી છે. આ વખતે ગમે તે હિસાબે વિધાનસભા ચૂંટણીમાં ૧૨૫ પ્લસ બેઠકો હાંસલ કરવાના લક્ષ્યાંક સાથે કોંગ્રેસ આગળ વધી રહી છે અને તેના માટે ગુજરાતમાં પ્રચંડ લોકજુવાળ કોંગ્રેસ તરફી ઉભો કરવા એક પછી એક તેના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓને ચૂંટણીના મેદાનમાં પ્રચારાર્થે ઉતારી રહી છે. આવતીકાલથી કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને દેશના જાણીતા ટેકનોક્રેટ સામ પિત્રોડા પાંચ દિવસની ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આવતીકાલે સવારે અમદાવાદમાં થોડો સમય રોકાયા બાદ તેઓ વડોદરા જવા રવાના થશે. જયાં તેમનો મુખ્ય કાર્યક્રમ છે. કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને દેશના જાણીતા ટેકનોક્રેટ સામ પિત્રોડા તા.૯થી તા.૧૩ નવેમ્બર દરમ્યાન વડોદરા, અમદાવાદ, રાજકોટ, જામનગર અને સુરતના વિવિધ વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર અર્થે પ્રવાસ ખેડશે. આ દરમ્યાન તેઓ સ્થાનિક લોકો સાથે સીધો સંવાદ કરશે. સાથે સાથે નોટબંધી અને જીએસટીને લઈ દેશની તાજી સ્થિતિ તેમ જ તેની અસરો અને દૂરોગામી પરિણામો વિશે પણ લોકોને માહિતગાર કરશે. તો બીજીબાજુ, તેઓ તમારી ઇચ્છા, અમારો સંકલ્પના સૂત્ર સાથે લોકો પાસેથી તેમના સૂચનો અને અભિપ્રાયો પણ જાણશે. એટલું જ નહી, આગામી વિધાનસભા ચૂંટણીને લઈ કોંગ્રેસ દ્વારા તેના ચૂંટણી ઢંઢેરા માટે ઓનલાઈન સૂચનો પણ મંગાવાયા છે. સામ પિત્રોડાની મુલાકાત તાજેતરની રાજકીય પરિસ્થિતિ ખાસ કરીને આર્થિક દ્રષ્ટિકોણને લઈ ઘણી મહત્વની મનાઈ રહી છે.

નોટબંધીનો વિરોધ - દેશભરમાં કોંગ્રેસ સહિત વિરોધપક્ષોએ નોટબંધીના વિરોધમાં 'બ્લેક-ડે'ની ઉજવણીનું એલાન કર્યું હતું... બ્લેક-ડેની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે કોંગ્રેસના કાર્યકરોએ નોટબંધીના વિરોધના પ્લેકાર્ડ સાથે ધરણા કર્યા હતા...

શહેરમાં ભાજપના ગૌરવ મહાસંપર્ક અભિયાનને પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગર તા ૮

ભાજપના ગૌરવ મહાસંપર્ક અભિયાન અન્વયે પ્રધાનમંત્રીનો સંદેશો ઘર ઘર સુધી પહોંચાડવા નેતાઓ સેકટરોમાં રાઉન્ડ લઈ રહયા છે. પક્ષના કાર્યકરો અને અગ્રણીઓ ઘરે ઘરે પ્રચાર કરતા નજરે પડે છે. ગઈકાલે યુ પી ના ગ્રામિણ વિકાસ મંત્રી સહીત સ્થાનિક આગેવાનો પ્રચાર મહાસંપર્ક અભિયાનના પ્રારંભે જોડાયા હતા. જયારે આજે પણ સે-૧,સે-૨ સે-૭ અને સે-૨૪ ઉપરાંત બોરીજ સહીતના વિસ્તારોમાં પ્રચાર માટે મહાસંપર્ક અભિયાનને આગળ ધપાવાયુ હતુ. ભાજપના મહાસંપર્ક અભિયાનના પ્રારંભે શહેરના પ્રત્યેક વોર્ડમાં ઘરે ઘરે પ્રચાર કરવા માટે વોર્ડ પ્રમુખ ઉપરાંત પક્ષના સ્થાનિક આગેવાનો સહીત નેતાઓ પણ જોડાયા હતા.

આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર જીત અપાવાના ઈરાદા સાથે મહાસંપર્કઅભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જયારે આ અભિયાન દરમિયાન પ્રધાનમંત્રીના સંદેશાને પણ ઘર ઘર સુધી પહોંચતો કરવા પક્ષના નેતાઓ ભગવો ખેસ અને કેસરી ટોપીમાં સજ્જ સેકટરોમાં આમ નાગરિકો સાથે

સંપર્ક કરતા નજરે પડે છે. મહાસંપર્ક અભિયાન દરમિયાન ગાંધીનગર મહાનગરના કાર્યકરો તેમજ પક્ષના નેતાઓમાં પણ ઉત્સાહ જોવા મળી રહયો છે. જયારે મતદારો સમક્ષ ભાજપની સિધ્ધિઓ વર્ણવતા ભાજપના કાર્યકરો આગામી ચુંટણીમાં ૧૫૦ થી વધુ બેઠકો પર જીત મળશે તેવો વિશ્વાસ પણ વ્યકત કરી રહયા છે. આજે સંપર્ક અભિયાનના પ્રારંભે યુ પીના ગ્રામિણ વિકાસ મંત્રી મહેન્દ્રસિંહજી સેકટરોમાં જન જન સુધી પી એમનો સંદેશો પહોંચતો કરવા માટે જોડાયા હતા. જયારે આજે પણ મહાસંપર્કઅભિયાનને વેગ આપવા માટે સેકટરોમાં પક્ષના કાર્યકરો અને સ્થાનિક નેતાઓ પ્રચાર ઝુંબેશમાં જોડાયેલા જોવા મળ્યા હતા. મહાસંપર્ક અભિયાન દરમિયાન આમ નાગરિકોના હકારાત્મક પ્રતિભાવોથી પણ સ્થાનિક નેતાઓ પ્રભાવિત થયા હતા.

રાજ્યના ૧૨ શહેરમાં ૨૦ ડિગ્રી નીચે તાપમાન

ગાંધીનગર,તા.૮

સૌરાષ્ટ્ર–કચ્છવાસીઓ હાલ બેવડી સીઝનનો અનુભવ કરી રહ્યા છે. મોડીસાંજથી સવાર સુધી ગરમીમાં રાહત મળે છે અને આખો દિવસ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. અમદાવાદ, ડિસા, વડોદરા, રાજકોટ, ભાવનગર, પોરબંદર, નલિયા, કંડલા, અમરેલી, ગાંધીનગર, મહુવા, દીવ, વલસાડ સહિતના શહેરોમાં આજે સવારે મહત્તમ તાપમાન ૨૦ ડિગ્રી નીચે નોંધાયું છે. સમગ્ર રાયમાં સૌથી નીચું તાપમાન નલિયા ખાતે ૧૫.૮ ડિગ્રી રહેવા પામ્યું છે. સૂર્યનારાયણના દર્શન થતાં જ જાણે શિયાળાની સીઝન ગાયબ થઈ જતી હોય અને ઉનાળાની એન્ટ્રી થતી હોય તેમ તાપમાનનો પારો ઉંચે ચડી રહ્યો છે. રાજકોટમાં ૩૫.૮, ભાવનગરમાં ૩૪.૧, પોરબંદરમાં ૩૫.૪, વેરાવળમાં ૩૫.૧, ભુજમાં ૩૬.૪, નલિયામાં ૩૫.૪, કંડલામાં ૩૫.૪, અમરેલીમાં ૩૪, મહુવામાં ૩૪.૪ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com